NAVSARI AGRICULTURAL UNIVERSITY

| આણંદ કૃષિ યુનિવર્સિટી | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી | નવસારી કૃષિ યુનિવર્સિટી | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી |
|---|---|---|---|
| આણંદ - ૩૮૮ ૧૧૦ | જૂનાગઢ - ૩૬૨ ૦૦૧ | નવસારી - ૩૯૬ ૪૫૦ | સરદારકૃષિનગર - ૩૮૫ ૫૦૬ |

# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ (આણંદ, જૂનાગઢ, નવસારી અને સરદારકૃષિનગર)માં ચાલતા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની સંક્ષિપ્ત માહિતી






કુલસચિવશ્રીની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ - ૩૮૮૧૧૦
ફોન (૦૨૬૯૨) ૨૬૪૪૬૨

# ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની વિગત

## પી.સી.બી. (બાયોલોજી) બી/એબી ગૃપના અભ્યાસક્રમો

| ડિગ્રી કોર્સનું નામ અને અભ્યાસનો સમયગાળો | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| બી. એસસી. (ઓનર્સ.) એગ્રી.<br>(૮ સેમેસ્ટર/૪-વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | (૧) બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ<br>(૨) કૃષિ મહાવિદ્યાલય, વસો<br>(૩) કૃષિ મહાવિદ્યાલય, જબુગામ | ◆ પ્રવેશ માટે પ્રવર્તમાન નિયમો મુજબ ધોરણ ૧૨ (સાયન્સ) 'બી'-ગૃપ તથા 'એબી' - ગૃપની અંગ્રેજી વિષય સાથેની પરીક્ષા ગુજરાત બોર્ડ અથવા રાજ્યની માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઈએ.<br>◆ ચાલુ વર્ષની ગુજકેટ પરીક્ષા આપેલ હોવી જોઈએ. (અગાઉના વર્ષની ગુજકેટ પરીક્ષા માન્ય ગણવામાં આવતી નથી.)<br>◆ બી-ગૃપ થીયરીના વિષયોના કુલ ગુણના ૬૦ ટકા તથા ચાલુ વર્ષની ગુજકેટમાં મેળવેલ કુલ ગુણના ૪૦ ટકા ગણી મેરીટ તૈયાર કરી અગ્રતા ક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવે છે.<br>◆ દિવ્યાંગજન તથા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | (૧) કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ,<br>(૨) કૃષિ મહાવિદ્યાલય, મોટા ભંડારીયા (અમરેલી)<br>(૩) કૃષિ મહાવિદ્યાલય, ખાપટ (પોરબંદર)<br>(૪) કૃષિ મહાવિદ્યાલય (મોરબી) (હાલ જૂનાગઢ)<br>(૫) કૃષિ મહાવિદ્યાલય (જામનગર) (હાલ તરઘડીયા) | |
| | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | (૧) ચી.પ. કૃષિ મહાવિદ્યાલય, સરદારકૃષિનગર<br>(૨) કૃષિ મહાવિદ્યાલય, થરાદ<br>(૩) કૃષિ મહાવિદ્યાલય, ભૂજ (હાલ ભચાઉ) | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | (૧) ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી<br>(૨) કૃષિ મહાવિદ્યાલય, વઘઈ<br>(૩) કૃષિ મહાવિદ્યાલય, ભરૂચ | |

| ડિગ્રી કોર્સનું નામ અને અભ્યાસનો સમયગાળો | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| બી. એસસી. (ઓનર્સ.) હોર્ટિકલ્ચર (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | બાગાયત મહાવિદ્યાલય, આણંદ | ◆ પ્રવેશ માટે પ્રવર્તમાન નિયમો મુજબ ધોરણ ૧૨ (સાયન્સ) 'બી'-ગૃપ તથા 'એબી' ગૃપની અંગ્રેજી વિષય સાથેની પરીક્ષા ગુજરાત બોર્ડ અથવા રાજ્યની માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઈએ.<br>◆ ચાલુ વર્ષની ગુજકેટ પરીક્ષા આપેલ હોવી જોઈએ. (અગાઉના વર્ષની ગુજકેટ પરીક્ષા માન્ય ગણવામાં આવતી નથી.)<br>◆ બી-ગૃપ થીયરીના વિષયોના કુલ ગુણના ૬૦ ટકા તથા ચાલુ વર્ષની ગુજકેટમાં મેળવેલ કુલ ગુણના ૪૦ ટકા ગણી મેરીટ તૈયાર કરી અગ્રતા ક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવે છે.<br>◆ દિવ્યાંગજન તથા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | બાગાયત મહાવિદ્યાલય, જૂનાગઢ | |
| | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | બાગાયત મહાવિદ્યાલય, જગુદણ | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી | |
| બી. એસસી. (ઓનર્સ.) ફોરેસ્ટ્રી (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી | |
| બી. ટેક. (બાયોટેકનોલોજી) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | નવસારી કૃષિ યુનિવર્સિટી | અસ્પી શકીલમ એગ્રિ. બાયોટેકનોલોજી ઈન્સ્ટિટયૂટ, સુરત | |
| | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | બેઝીક સાયન્સ એન્ડ હ્યુમેનીટીઝ મહાવિદ્યાલય, સરદારકૃષિનગર | |

## પી.સી.એમ. (મેથેમેટીક્સ) 'એ/બી/એ-બી' ગૃપના અભ્યાસક્રમો :

| ડિગ્રી કોર્સનું નામ અને અભ્યાસનો સમયગાળો | યુનિવર્સિટીનું નામ | કોલેજનું નામ | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|
| બી. ટેક. (એગ્રિ. એન્જિનિયરિંગ) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ગોધરા | ♦ પ્રવેશ માટે પ્રવર્તમાન નિયમો મુજબ ધોરણ ૧૨ (સાયન્સ)એ-ગૃપ, બી- ગૃપ તથા 'એબી' ગૃપની અંગ્રેજી વિષય સાથેની પરીક્ષા ગુજરાત બોર્ડ અથવા રાજ્યની માન્યતા પ્રાપ્ત અન્ય બોર્ડમાંથી પાસ કરેલ હોવી જોઈએ.<br>♦ ચાલુ વર્ષની ગુજકેટ પરીક્ષા આપેલ હોવી જોઈએ. (અગાઉના વર્ષની ગુજકેટ પરીક્ષા માન્ય ગણવામાં આવતી નથી.)<br>♦ (એ-ગૃપ, બી-ગૃપ અને એ' 'બી'- ગૃપ) થીયરીના વિષયોના મેળવેલ ગુણના ૬૦ ટકા તથા ચાલુ વર્ષની ગુજકેટમાં મેળવેલ ગુણના ૪૦ ટકા ગણી મેરીટ તૈયાર કરી અગ્રતા ક્રમ મુજબ પ્રવેશ આપવામાં આવે છે.<br>♦ દિવ્યાંગજન તથા અનામત કેટેગરીના ઉમેદવારો માટે સરકારશ્રીના નિયમો મુજબ પ્રવેશ આપવામાં આવે છે. |
| | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ | કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ | |
| | નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ડેડીયાપાડા | |
| | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ખેડબ્રહ્મા (હાલ સરદાર કૃષિનગર) | |
| બી. ટેક. (ફૂડ ટેકનોલોજી) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી અને બાયો એનર્જી મહાવિદ્યાલય, આણંદ | |
| | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | જી.એન. પટેલ, ડેરી વિજ્ઞાન અને ફૂડ ટેકનોલોજી મહાવિદ્યાલય, સરદારકૃષિનગર | |
| બી. ટેક. (રિન્યુ. એનર્જી એન્ડ એન્વાઈ. એન્જિનિયરિંગ) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | રિન્યૂએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટલ એન્જિનિયરિંગ મહાવિદ્યાલય, સરદારકૃષિનગર | |
| બી.એસ.સી. (ફૂડ ન્યુટ્રીશન એન્ડ ડાયટેટીક્સ) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | અસ્પી કોલેજ ઓફ ન્યુટ્રિશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ સરદારકૃષિનગર | |
| બી.એસ.સી. (કોમ્યુનિટી સાયન્સ) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | | | |
| બી.ટેક.(એગ્રિ.ઇન્ફોર્મેશન ટેકનોલોજી) (૮ સેમેસ્ટર/૪-વર્ષ) | આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ | કોલેજ ઓફ એગ્રિકલ્ચરલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, આણંદ | |

- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધો.-૧૨ નું પરિણામ જાહેર થયા બાદ રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓની કોમન પ્રવેશની વેબસાઈટ www.gsauca.in પર તથા અગ્રણી ગુજરાતી દૈનિક સમાચાર પત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- વેબસાઈટ પર પ્રવેશ લાયકાત, બેઠકોની વિગત, મેરીટ લીસ્ટ બનાવવાના ધોરણો, ભારાંકની વિગતો, અનામત બેઠકો, પ્રવેશ ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ વગેરે પ્રવેશને લગતી તમામ બાબતો દર્શાવવામાં આવે છે.
- તમામ અભ્યાસક્રમોમાં કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, તેથી મેરીટક્રમ મુજબ ગુજરાતની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવા પાત્ર છે.
- તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
- ગુજરાત સરકારના ધારાધોરણો મુજબ પ્રવેશની લઘુત્તમ લાયકાત તથા અનામત બેઠકો રાખવામાં આવે છે.
- બી.એસસી. (ઓનર્સ.) એગ્રી., બી.એસસી. (ઓનર્સ.) હોર્ટિ., બી.એસસી. (ઓનર્સ.) ફોરેસ્ટ્રી, બી.ટેક. (બાયોટેકનોલોજી) ડિગ્રી કોર્સમાં ખેડૂત પુત્ર/પુત્રી/ ભાઈ/બહેન/ પૌત્ર/ પૌત્રીને ૭-૧૨ના ઉતારા રજૂ કર્યેથી વધારાના પાંચ ટકા ગુણભાર આપવામાં આવે છે. આ માટે ગુજરાત રાજયમાં જ ખેતીની જમીન ધરાવતા હોય તેને જ ગુણભાર મળવા પાત્ર છે.
- તમામ અભ્યાસક્રમોમાં કન્યાઓને ટયૂશન ફી તથા હોસ્ટેલ ફી માંથી મુકિત આપવામાં આવે છે.
- દિવ્યાંગ તથા સેનાના કર્મચારીના સંતાનો માટે પ્રવર્તમાન નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવશે.
- રાજ્ય સરકાર હસ્તકની રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓમા ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પેમેન્ટ/મેનેજમેન્ટ કોટા જેવી સીટો હોતી નથી. તમામ અભ્યાસક્રમોમાં રેગ્યુલર સીટો જ ઉપલબ્ધ છે.
- ઉપરોકત દરેક અભ્યાસક્રમોમાં હોસ્ટેલમાં રહેવુ ફરજીયાત છે. હોસ્ટેલ મેનેજમેન્ટ માટે રેકટરની સીધી દેખરેખ હેઠળ ભોજનાલય, મનોરંજન હોલ, ગેસ્ટરૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે.
- સંપૂર્ણ સુવિધાયુકત યુનિવર્સિટી લાઈબ્રેરી મુખ્ય કેન્દ્ર ખાતે આવેલ છે. જેમાં દરેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂરી એવા પુસ્તકો, સામયિકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઈન્ટરનેટ ફેસેલીટી સાથેની ઈ-લાઈબ્રેરી તથા લેંગ્વેજ લેબ પણ ઉપલબ્ધ છે.
- વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષો પણ ઉપલબ્ધ છે. જેમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, વોલીબોલ ગ્રાઉન્ડ, ખોખો ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ, જીમ્નેશીયમ, ટેબલ ટેનીસ અને બેડમીન્ટન કોર્ટ તથા ઈન્ડોર ગેમ્સ માટે પણ પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ છે.
- સાંસ્કૃતિક કાર્યક્રમો, વકૃત્વ સ્પર્ધાઓ કે અન્ય સમારંભો માટે સુવિધાયુકત ઓડીટોરીયમ ઉપલબ્ધ છે.
- ચારેય કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે પ્રથમ સેમેસ્ટરની ભરવાની થતી ફીની વિગત અહી જણાવ્યા પ્રમાણે છે. જેમાં પ્રવેશ સમયે ભરવાની થતી તમામ પ્રકારની ડીપોઝીટ તથા કોશનમની વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં કુમાર માટે ફી રૂ.૧૩૭૦૦/- અને કન્યા માટે ફી રૂ.૮૭૦૦/- રહેશે.

## કૃષિ અને બાગાયતમાં રોજગારની તકો

| સરકારી ક્ષેત્રોમાં તકો | ખાનગી ક્ષેત્રોમાં તકો |
|---|---|
| ◆ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>◆ કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો<br>◆ ખેતીવાડી વિભાગ, બાગાયત વિભાગ<br>◆ રાજ્ય બીજ નિગમ<br>◆ રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, સહકારી સંસ્થાઓ<br>◆ વીમા કંપનીઓ, ઈફકો, કૃભકો, જીએસએફસી, જીએનએફસી, એન.જી.ઓ., આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર.સી. વગેરે | ◆ પેસ્ટિસાઈડ કંપનીઓ, ફર્ટીલાઈઝર કંપનીઓ, સીડ કંપનીઓ<br>◆ માઈક્રોઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ<br>◆ ફૂડ પ્રોસેસિંગ અને ફૂડ એક્સપોર્ટ કરતી કંપનીઓ<br>◆ લેન્ડસ્કેપ એન્ડ ગાર્ડનીંગ સેક્ટર<br>◆ એગ્રી ક્લીનીક, એગ્રી બિઝનેસ સેન્ટર, એગ્રો સર્વિસ સેન્ટર વગેરે. |

## કૃષિ ઈજનેરીમાં રોજગારની તકો

| સરકારી ક્ષેત્રોમાં તકો | ખાનગી ક્ષેત્રોમાં તકો |
|---|---|
| ◆ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>◆ કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો<br>◆ ખાનગી બેંકો, સહકારી સંસ્થાઓ<br>◆ વીમા કંપનીઓ, એન.જી.ઓ., આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર.સી. વગેરે<br>◆ સરદાર સરોવર નર્મદા વિભાગ લીમીટેડ<br>◆ રાષ્ટ્રીય બીજ નિગમ<br>◆ રાષ્ટ્રીય ખાદ્ય નિગમ<br>◆ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રી<br>◆ જમીન વિકાસ નિગમ<br>◆ FSSAI | ◆ ઈરીગેશન અને માઈક્રો ઈરીગેશનના સાધનો બનાવતી કંપનીઓ<br>◆ ટ્રેક્ટર તથા તેને સંલગ્ન સાધનો (ખેત ઓજારો) બનાવતી વિવિધ કંપનીઓ<br>◆ ફૂડ પ્રોસેસિંગ અને ફૂડ એક્સપોર્ટ કરતી કંપનીઓ<br>◆ જળ અને જમીનને લગતી કામગીરીઓ કરતા NGOs<br>◆ વોટરશેડ, રિમોટ સેન્સીંગ અને જીઆઈએસ બેઝડ કામગીરી કરતી કંપનીઓ<br>◆ રિન્યૂએબલ એનર્જીને લગતા એકમો |

## કૃષિ આઈ.ટી.માં રોજગારની તકો

| સરકારી ક્ષેત્રોમાં તકો | ખાનગી ક્ષેત્રોમાં તકો |
|---|---|
| ◆ કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>◆ કૃષિ યુનિવર્સિટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો<br>◆ ખાનગી બેંકો, સહકારી સંસ્થાઓ<br>◆ વીમા કંપનીઓ, એન.જી.ઓ., આત્મા પ્રોજેક્ટ, જી.જી.આર. સી. વગેરે | ◆ આઈ.ટી. કંપનીઓ<br>◆ ઓટોમેશન સંલગ્ન કંપનીઓ<br>◆ ડેટા સાયન્સ અને ડેટા એનાલીટીક્સ સંલગ્ન કંપનીઓ<br>◆ કૃષિમાં આઈ.ટી.નો ઉપયોગ થતો હોય તેવી તમામ કંપનીઓ |

## ફૂડ ટેક્નોલોજીમાં રોજગારની તકો

| સરકારી ક્ષેત્રોમાં તકો | ખાનગી ક્ષેત્રોમાં તકો |
|---|---|
| કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વિભાગો<br>કૃષિ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ<br>સહકારી સંસ્થાઓ વગેરે | ફૂડ પ્રોસેસિંગ અને ફૂડ એક્સપોર્ટ કરતી કંપનીઓ<br>આર એન્ડ ડી સેન્ટર, ફૂડ રેગ્યુલેટરી અફેર્સ બોડી<br>ફૂડ પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ, ફૂડ પ્રોસેસિંગ ઈક્વિપમેન્ટ એન્ડ ઈન્ગ્રેડીયેન્ટસ ઈન્ડસ્ટ્રીઝ, ખાનગી બેંકો વગેરે |

આ ઉપરાંત વધારાની માહિતી માટે www.aau.in અને www.gsauca.inની મુલાકાત લેવી અથવા નીચેના નંબર પર સંપર્ક કરવો.

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | હોદ્દો | ફોન નં. |
|---|---|---|---|
| ૧ | આણંદ કૃષિ યુનિવર્સિટી-૩૮૮૧૧૦ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૬૯૨-૨૬૪૪૬૨ |
| ૨ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી-૩૬૨૦૦૧ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૮૫-૨૬૭૨૦૮૦-૯૦ |
| ૩ | નવસારી કૃષિ યુનિવર્સિટી- ૩૯૬૪૫૦ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૬૩૭-૨૮૩૭૯૪ |
| ૪ | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી-૩૮૫૫૦૬ | મદદનીશ કુલસચિવ(એકેડેમીક) | ૦૨૭૪૮-૨૭૮૨૨૯ |


પ્રકાશન શ્રેણી નં. GEN-૧:૬૧:૨૦૨૫:૧૫૦૦૦